# જવાબદાર નાગરિક ઈ મિત્રતાપૂર્ણ સરકાર : નાગરિક અધિકાર પત્ર

લોકશાહીમાં લોકો માટેની સરકારનો ખ્યાલ અમલમાં મુકાયેલ છે. નાગરિકોને રાજ્યના વહીવટીતંત્ર પાસેથી સેવા મેળવવાનો અધિકાર છે.

કયા કામ માટે કોની પાસે જવું, કેમ અરજી કરવી, કેમ ફરિયાદ નોંધાવવી, વગેરે બાબતોમાં નાગરિકો ઠીક-ઠીક અંધારામાં હોય છે. વળી, ધણીખરી વહીવટી કામગીરીઓ માટેના લધુત્તમ સમય નક્કી થાય છે. એટલા સમયમાં કામ ન થાય તો નાગરિક ઉપરી અધિકારી સમક્ષ ફરિયાદ કરી શકે છે.

પરંતુ એ ફરિયાદ તો ત્યારે જ કરી શકે ને જ્યારે એને આ બધી બાબતોની જાણ હોય! વાસ્તવમાં, લોકશાહીમાં આ બધી જાણકારી દરેક નાગરિકને પ્રાપ્ત થવી જોઇએ. એને આવી માહિતી આપતા સરકારી ખતપત્રને'નાગરિક અધિકાર પત્ર' કહી શકાય.

૨૪મી મે ૧૯૯૭ને દિવસે વડા પ્રધાનશ્રીના પ્રમુખસ્થાને મુખ્ય મંત્રીશ્રીઓની પરિષદ મળી તેમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે અસરકારક અને જવાબદાર વહીવટ માટે પગલાં લેવાની તાત્કાલિક જરૂર છે. વહીવટી તંત્ર જવાબદાર અને પારદર્શક બને તે માટે પંડિત જવાહરલાલ નહેરૂએ કહયુ હતું કે ન્યાયપૂર્ણ વ્યવહાર અને નિષ્ઠા એ વહીવટી તંત્રના આવશ્યક ગુણો છે. વહીવટી તંત્રની દક્ષતા અને શુધ્ધતા માટે નાગરિક સભાનતા જરૂરી છે. જો નાગરિકોને કાર્યવિધિઓની, એ માટે જરૂરી કાગળો-અરજીઓની, અને એ માટે નિયત થયેલ સમયની જાણકારી હોય તો દક્ષતા અને શુધ્ધતા બંને હેતુઓ સરી શકે.

આ સમગ્ર વિષયના પાયામાં નાગરિકની જાણકારી અને સજ્જતા રહેલી છે. નાગરિક અગર પોતાના અધિકારો અને ફરજ જાણતો ન હોય તો તંત્ર પાસેથી યોગ્ય અને સમયબધ્ધ કામગીરી નહિ કરાવી શકે. એની આવી જાણકારી અને સજ્જતાનો પાયો છે અધિકાર પત્ર. નાગરિકને તંત્ર સાથેના વ્યવહારોમાં એના અધિકારીની જાણ કરતો આ પત્ર લોકશાહી સમાજને માટે પાયાનો દસ્તાવેજ છે.

આ અધિકારપત્રની વિગતોની જાણકારી વધુ ને વધુ નાગરિકો સુધી પહોંચે તેમાં સંચાર માધ્યમોએ પણ ફાળો આપવો જોઇએ. માધ્યમો આ અધિકારપત્રની વિગતો પુનઈ રજૂઆત કરી શકે. નાગરિકના અધિકારોની જાણ કરતા ટીવી કાર્યક્રમો, નાટિકાઓ, વાર્તાઓ સુધ્ધાં બનાવી શકે.

ગુજરાત સરકારે હાલ પૂરતું દસ ક્ષેત્રોમાં નાગરિક અધિકારપત્ર તૈયાર કરીને પ્રકાશિત કરવાનું ઠરાવ્યું છે. આ નિયત ક્ષેત્રો છે-
(૧)મહેસૂલ(કલેક્ટર કચેરી) (૨) પંચાયત (૩) પોલીસ (૪) વાહન વ્યવહાર (૫) નગરપાલિકા (૬) ઉધ્યોગ (૭) નાણાં (૮) શિક્ષણ (૯) આરોગ્ય અને (૧૦) નાગરિક પુરવઠો. આ કામગીરીવાળી કચેરીઓમાં નાગરિકોને પોતાના કામ માટે અગવડ ના પડે તે માટે નાગરિક સુવિધા કેન્દ્ર ઉપલબ્ધ છે. આ કેન્દ્રમાં નાગરિકોને તમામ માહિતી પૂરી પડાશે.

જાગ્રત નાગરિક જ પારદર્શક અને શુધ્ધ વહીવટની ગેરંટી છે. અધિકારપત્ર વડે નાગરિક જાગૃત અને સજ્જ બનશે એવી શુભેચ્છા.